જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૫/૦૮/૨૦૨૫ સોમવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૧૯૪/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૭ કેસ કરી, ૩૭ વ્યક્તિઓને ઝડપી, ૧૩૬ લીટર દેશી દારૂ, ૦૩ બોટલ ઈંગ્લીશ દારૂ, ૬૩૭ કવાર્ટર ઈંગ્લીશ દારૂ, ૨૫ બિયર ટીન, ૦૧ સ્કુટર, ૦૧ મોટર સાયકલ અને ૦૨ કાર કબજે કરી હતી.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૧૯૫/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૧૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

ઘરફોડઃ– **સમાચાર યાદી નં.૧૧૯૬/૨૦૨૫**

ચાંદખેડાઃ પિનાકીન સ/ઓ ત્રીભોવનદાસ અગ્રવાલ (રહે. આત્રે ઈપાન–૩, કરાઈ રોડ, નાના ચીલોડા, ગાંધીનગર) એ તા.૨૪/૦૮/૨૦૨૫ ના રોજ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૩/૦૮/૨૦૨૫ સવારના ૪/૦૦ થી ૧૦/૫૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી, સ્ટોરરૂમની તિજોરીમાંથી સોના–ચાંદીના દાગીના કિમત રૂપિયા ૧,૮૫,૭૫૦/– અને રોકડ રૂપિયા ૯,૫૦૦/– મળી કુલ રૂપિયા ૧,૯૫,૨૫૦/– મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આર.એચ.પટેલ ચલાવે છે.

વિજ કરંટ લાગતા મૃત્યુઃ– **સમાચાર યાદી નં.૧૧૯૭/૨૦૨૫**

નિકોલઃ કઠવાડા નિકોલ મારૂતી સુઝુકી શો–રૂમ પાછળ નવી બનતી "હિલ ટાઉન ઝેડ" નામની સાઈટ ખાતે કામ કરતા મંસુર સ/ઓ મોજીબુરરહમાન આલમ (ઉ.વ.૩૭)(મુળ વતન. ગામ–બેનીજલાલપુર પોસ્ટ–સાલમારી જી–કટીહાર, બિહાર) તા.૨૪/૦૮/૨૦૨૫ બપોરના ૩/૦૦ વાગ્યાના સુમારે નવી બનતી "હિલ ટાઉન–ઝેડ" સાઈટ ખાતે લોખંડના સળીયાઓ ગ્લેન્ડર મશીનથી કાપતા હતા ત્યારે વિજ કરંટ લાગતા સારવાર માટે તેમને કૃષ્ણનગર કોઠીયા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તેમનું મૃત્યુ નિપજ્યું હતું. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ભાવેશકુમાર રમણિકલાલ ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર યાદી નં.૧૧૯૮/૨૦૨૫**

મેઘાણીનગરઃ ગૌરવ નટવરલાલ પરમાર (ઉ.વ.૪૨)(રહે.જોગેશ્વરીનગર આશીષનગરની બાજુમા મેઘાણીનગર) એ અગમ્ય કારણસર તા.૨૩/૦૮/૨૦૨૫ રાતના ૯/૧૫ વાગ્યા પહેલા પોતાના ઘરે ઉપરના માળે પંખા સાથે દોરી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે મેઘાણીનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ઉપેન્દ્રસિંહ નારણજી ચલાવે છે.

પોલીસ ઈન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી